

# અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન અને કેર સર્વિસિસમાં તમારા બાળકના અભિગમને સપોર્ટ આપવો

GUJARATI

અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશનમાં હકારાત્મક શરૂઆત થવી તે મહત્ત્વપૂર્ણ છે. એ વાત અગત્યની છે કે, તમને અને તમારા પરિવારને સ્વાગત, સુરક્ષા અને મદદનો અનુભવ થાય. આ સેવામાં શરૂઆતના દિવસોમાં તમારું બાળક અન્ય બાળકોને જાણશે અને તેમના શિક્ષકો તથા વ્યાવસાયિકો સાથે એક વિશ્વાસપૂર્ણ સંબંધોની શરૂઆત કરશે.

વિક્ટોરિયામાં અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન અને કેર સર્વિસિસને *વિક્ટોરિયન અર્લી યર્સ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક (VEYLDF)નું માર્ગદર્શન પ્રાપ્ત* છે. આ ફ્રેમવર્ક (માળખું) શિક્ષકોને જણાવે છે કે બાળકોની ઓળખ અને તેમનો પરિવાર તથા સાંસ્કૃતિક ઇતિહાસ તેમના ભણતર અને વિકાસને આકાર આપે છે. જ્યારે વ્યાવસાયિકો બાળકોની આગવી ઓળખને સ્વીકારે છે અને તેનો આદર કરે છે, ત્યારે બાળકોને આવકારદાયક લાગે છે અને તેઓ વધુ સારું ભણે છે. (VEYLDF, 2016, પૃષ્ઠ 12). આ સમજણ, પોતાના નવા અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન અને કેર સર્વિસમાં તમારા બાળકના ઓરિએન્ટેશન અને સ્થાયી થવાના સમયગાળામાં તમને અને તમારા બાળકને મદદરૂપ થવા માટે શિક્ષકો કેવો અભિગમ અપનાવશે તેનો આધાર બને છે.

અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન અને કેર સર્વિસ શિક્ષકો અને પરિવારો વચ્ચેની સહયોગી ભાગીદારીને એક ગુણવત્તાસભર પ્રોગ્રામનો પાયો માને છે. શરૂઆતથી જ આદરપૂર્ણ સંબંધો એ ઉચ્ચ ગુણવતા ધરાવતી સેવાનું મજબૂત સૂચક છે. વિશ્વાસ રાખો કે, તમારા શિક્ષકો હુંફવાળા અને આવકારનાર હશે તેમ જ તેઓ તમારી પરિવારની ભાષા(ઓ)નો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપશે.

આ સેવાઓમાં કોઈ ટેલિફોન દુભાષિયા સેવા મારફતે તમારી સાથે વાતચીત કરાશે, જેથી તમને યોગ્ય રીતે માહિતી મળી રહેશે અને તમને ફાવતી હોય તેવી ભાષામાં પ્રશ્નો પૂછવાની તેમ જ વધુ જાણકારી મેળવવાની તક મળશે. વધુમાં, તમારી પરિવારની ભાષા બોલતો કોઈ સહાયક કાર્યકર થોડા સમયગાળા માટે તમારા બાળકને મદદ કરવા માટે ઉપલબ્ધ રહેશે, જેથી આ સેવામાં બાળકોમાં સબંધની ભાવના વિકસિત થાય.

ક્વાલિટી અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન એ પરિવારોને ‘બાળકોના ભણતર અને ઘડતરમાં પ્રાથમિક પ્રભાવ’ તરીકે ઓળખે છે. (VEYLDF, 2016, પૃષ્ઠ 9). અર્લી યર્સ પ્રોગ્રામમાં શિક્ષકો પરિવારોના વિચારો અને સહભાગને આવકારે છે અને તેનું મૂલ્ય જાણે છે. આ સેવા માત્ર શિક્ષકોની પદ્ધતિઓની જાણકારી નથી આપતી પણ બાળકોને તેમના શિક્ષણ અને કેર સાથે સંકળાયેલા લોકો તેમ જ તેમના ઘરના લોકો વચ્ચે વિશ્વાસ, સુરક્ષા અને સંબંધ વિકસાવવામાં બાળકોની મદદ પણ કરે છે, જેથી ભણતરના પરિણામ સુધરે છે. પરિવારોને પણ શરૂઆતના સત્રોમાં આ સેવામાં ઉપસ્થિત રહીને સહભાગી થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેથી, તમારા બાળકને સુરક્ષિત લાગશે અને તમારા વગર તમારું બાળક આ સેવામાં હશે ત્યારે શું શું થાય છે, તે તમે પણ જાણી શકશો.

તમને અને તમારા બાળકને આ સેવા સાથે પરિચિત થવામાં મદદરૂપ થવા માટે, તમારા અર્લી ચાઇલ્ડહૂડ સર્વિસમાં એક ઓરિએન્ટેશન પ્લાન હશે. જેમાં સામેલ હોઈ શકે છે:

- ઔપચારિક અટેન્ડન્સ શરૂ થાય તે પહેલા પોતાના બાળક સાથે સેવામાં હાજર રહેવું
- તમને અને તમારા બાળકને અનુકૂળ આવે તે રીતે નાના નાના સત્રોથી શરૂઆત કરીને પછી મોટા સત્રો લેવા.

તમારા અર્લી ચાઇલ્ડહૂડ શિક્ષકો તમારી સાથે સમય વિતાવશે અને તમારા તેમ જ તમારા બાળક વિશે કેટલાક પ્રશ્નો પૂછશે. જેથી તમારા બાળકની જરૂરિયાતો વિશે તેઓ વધુ સારી રીતે જાણી શકશે અને તેઓ એક એવો પ્રોગ્રામ બનાવી શકશે જેમાં શીખવાની અને તમારા બાળક માટે સારા પરિણામો લાવવાની મહત્તમ શક્યતાઓ હશે.

અર્લી ચાઇલ્ડહૂડ સેવાઓ તમારી પાસેથી આવી જાણકારી માગી શકશે:

- બાળકના આરોગ્ય અંગેની માહિતી – રસીકરણની માહિતી, તબીબી જરૂરિયાતો, બીમારીઓ અથવા એલર્જી.
- નેપી બદલવાની અને ટોઇલેટિંગની પસંદગીઓ તથા ઘરની પદ્ધતિઓ.
- બાળક શું ખાય છે, ભોજન સમયના રિવાજો / પદ્ધતિઓ.
- બાળકોની આરામ કરવાની / ઊંઘવાની જરૂરિયાતો.
  - શું તેઓ પલંગ પર, પોતાના બેડ પર કે અન્ય કોઇની સાથે સુએ છે?
  - કયા ગીતો તેમને આરામ આપે છે?
  - તેમનું કોઈ મનપસંદ પુસ્તક કે કોઈ રમકડું કે ધાબળું છે?
  - દિવસ દરમ્યાન સામાન્યરીતે તેઓ કયા સમયે આરામ કરે છે / ઊંઘે છે?
- તેમના પરિવારમાં કયા સેલિબ્રેશન કે પરંપરાઓ મહત્ત્વ ધરાવે છે?
- બીજી કોઈ પણ માહિતી તમારે આપવાની હશે, તેને શિક્ષકો આવકારશે.
- તમારા બાળક સાથે સરળતાથી જોડાવા માટે શિક્ષકોને મદદરૂપ થાય એવી તમારા બાળક વિશેની કોઈ માહિતી હોય, તો તે માહિતી પણ તમારે આપવી જોઈએ.

## અર્લી ચાઇલ્ડહૂડ સર્વિસમાં બાળકનું મન રમે તે માટે બાળકને મદદરૂપ થાય તેવી અન્ય બાબતો

- આ સેવામાં બાળક સાથે સમય વિતાવો – તમારા બાળકને યા સેવાની દિનચર્યા સમજાવો, તેમની સાથે રમો, તેમને વાર્તા વાંચી સંભળાવો અને તમારી ભાષામાં ગીતો સંભળાવો.
- અન્ય બાળકો સાથે વાતચીત કરવામાં તેમને મદદ કરો. માત્ર બીજા બાળકોની બાજુમાં બેસવા માટે, પોતાની ઓળખાણ આપવા માટે અને પ્રવૃત્તિઓ અને રમતોમાં તેમની સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરીને આ મદદ કરી શકાશે.
- તમારા બાળક સાથે અને એ જ ભાષા બોલતા બીજા બાળકો સાથે સમય વિતાવો.
- બાળક શું અનુભવે છે, વિચારે છે તે વિશે તમારા બાળક પાસેથી જાણો: તેમને આશ્વસ્ત અને પ્રોત્સાહિત કરો.
- ખાતરી કરો કે તમારું બાળક જાણે છે કે, તેમના શિક્ષકો કોણ છે, તેમના નામ શું છે અને કોઈ પણ મદદ માટે બાળકો તેમની પાસે જઈ શકે છે. તમારી પાસે પોતાના શિક્ષકોના નામ લેવાની ટેવ પડે તેવી તક તેમને આપો અને મદદ કેવી રીતે માગવી તેના દાખલા આપો.
- નીકળતા પહેલા હમેશા ગુડબાય કહો અને તમારા બાળકને આશ્વસ્ત કરો કે તમે થોડી વાર પછી પાછા આવશો. તમે ત્યાંથી નીકળો તે પહેલા તમારા બાળકને કોઈ શિક્ષક અને / અથવા અન્ય બાળકો સાથે કોઈ પ્રવૃત્તિમાં વ્યસ્ત કરી દો, એ સારું રહેશે.
- બાળક સેવામાં આવે તે પહેલા રાત્રે / દિવસે સેવાની દિનચર્યા અને વાતાવરણ વિશે બાળકો સાથે ચર્ચા કરો અને તેમને કોઈ સવાલ હોય તો પૂછવા દો તથા તેમની તમામ ચિંતાઓનું સમાધાન કરો.
- તમે આ સેવામાં હશો તે સમયગાળામાં તમારા બાળકના શિક્ષક એ તમને અને તમારા બાળકને મદદ કરવા માટે છે, તે યાદ રાખો.

**સંદર્ભ**
શિક્ષણ અને તાલીમ વિભાગ, 2016. *વિક્ટોરિયન અર્લી યર્સ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક*